પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 13-07-2025 **Evening : 7.10 to 7.20 pm**

Day : Sunday **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડોદરા જિલ્લાના મુજપૂર પાસે મહી નદી ઉપર નવો દ્વિમાર્ગીય પૂલ બનાવવા 212 કરોડ રૂપિયા મંજૂર કર્યા
2) મુજપુર-ગંભીરા બ્રિજ દુર્ઘટના પીડિતોને 62 લાખ રૂપિયાની આર્થિક સહાય ચૂકવવામાં આવી
3) 'ગુજમાર્ગ' એપ્લિકેશન દ્વારા છ મહિનામાં નુકસાનગ્રસ્ત માર્ગ અને પૂલની 3 હજાર 620 ફરિયાદોનું નિરાકરણ લાવવામાં આવ્યું
4) ગાંધીનગરની કોલવડા આયુર્વેદ હોસ્પિટલ દ્વારા 5 હજારથી વધુ લોકોને આયુર્વેદ ઉપચાર થકી મેદસ્વિતા મુક્ત કરાયા
5) રાજ્યના 104 તાલુકામાં આજે વરસાદ- આવતીકાલે ઉત્તર , મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

CM NEW BRIDGE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના મુજપૂર પાસે મહી નદી ઉપર નવો દ્વિમાર્ગીય પૂલ બનાવવા 212 કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. દુર્ઘટનાગ્રસ્ત પૂલની સમાંતર બનનારો આ બ્રિજ પાદરા અને આંકલાવને જોડશે. માર્ગ અને મકાન વિભાગના અધિક્ષક ઇજનેર એન. વી. રાઠવાએ જણાવ્યું કે, મુજપૂર એપ્રોચ રોડ હાલમાં જે દ્વિમાર્ગીય છે, એને ચાર માર્ગીય કરી 7 મીટરનો કરવાનું આયોજન કરાયું છે. ધોરીમાર્ગથી પૂલ સુધી પહોંચવાના 4.2 કિલોમીટર માર્ગને ચાર માર્ગીય કરવામાં આવશે. પૂલ બનાવવાની કામગીરી 18 મહિનામાં પૂર્ણ કરવામાં આવશે. જેના ભાવપત્રકની પ્રક્રિયા પણ શરૂ કરી દેવામાં આવી છે.

આ નવા પૂલ માટે માર્ગ અને મકાન વિભાગ દ્વારા તાજેતરમાં સર્વે કરી ડિટેઇલ પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરાયો હતો. આ દરમિયાન અહીં પૂલ તૂટી પડવાની દુર્ઘટના બનતા મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રને પરિવહનથી જોડવા ઉપરાંત સ્થાનિકને રોજગારીના પ્રશ્નો, છાત્રોને આવાગમનના પ્રશ્નો સર્જાયા હતા. તેને ધ્યાને રાખી મુખ્યમંત્રીએ તાત્કાલિક આ પૂલ બનાવવા મંજૂરી આપી છે.

. . . . . .

GAMBHIRA BRIDGE SAHAY

મુજપુર-ગંભીરા બ્રિજ દુર્ઘટના પીડિતોને 62 લાખ રૂપિયાની આર્થિક સહાય ચૂકવવામાં આવી છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર મૃતકના પરિવારજનોને 4 લાખ અને ઈજાગ્રસ્તોને 50 હજાર રૂપિયાની સહાય ચૂકવવામાં જાહેર કરવામાં આવી હતી. આજે છોટાઉદેપુરના સાંસદ જશુ રાઠવા અને પાદરાના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાના હસ્તે સહાયના ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને આ સહાય તાત્કાલિક મંજૂર કરવામાં આવી હતી અને વિના વિલંબે આજે ચૂકવી આપવામાં આવી હતી. ઉપલબ્ધ યાદી મુજબ, હાલ કુલ 62 લાખની રકમના ચેકનું વિતરણ થયું છે જેમાં આજે ચાર ઇજાગ્રસ્તો અને ૧૫ મૃતકોના પરિવારોનો સમાવેશ થાય છે.

. . . . . .

GUJMARG APPLICATION

નુકસાન ગ્રસ્ત માર્ગ અને બ્રિજની સમસ્યાઓના નિવારણ માટેની એપ્લિકેશન 'ગુજમાર્ગ' કાર્યરત છે. આ એપ્લિકેશન મારફતે છેલ્લા છ મહિનામાં 99.66 ટકા ફરિયાદોનું તાત્કાલિક નિરાકરણ કરવામાં આવ્યું છે.

(વોઈસ કાસ્ટ : મયુર સોલંકી)

માળખાકીય સુવિધાઓ સંબંધિત ફરિયાદો સીધી માર્ગ અને મકાન વિભાગ સુધી પહોંચાડવા માટેનું એક સરળ મંચ એટલે 'ગુજમાર્ગ' એપ. આ એપ્લિકેશનના માધ્યમથી છ મહિનામાં 3 હજાર 632માંથી 3 હજાર 620 ફરિયાદોનું તાત્કાલિક નિરાકરણ લાવવામાં આવ્યું છે. જ્યારે બાકીની 7 જેટલી ફરિયાદો પર કામગીરી પ્રગતિમાં છે. આ એપ પર અત્યાર સુધીમાં કુલ 10 હજાર કરતાં વધુ નાગરિકોની નોંધણી કરવામાં આવી છે. ત્યારે રસ્તાઓ પરના ખાડા , ક્ષતિગ્રસ્ત પુલ જેવી સમસ્યાઓની જાણ 'ગુજમાર્ગ' એપ્લિકેશન પર કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

મયુર સોલંકી આકાશવાણી સમાચાર અમદાવાદ

. . . . . .

CR PATIL ---NAVSARI

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી આર પાટીલે , ગ્રામ વિકાસ માટે મળતા ભંડોળનો યોગ્ય ઉપયોગ કરવા માટે સરપંચોને સલાહ આપી.

નવસારી શહેરમાં યોજાયેલા નવનિયુકત સરપંચ અભિવાદન સમારોહમાં કે મંત્રી શ્રી એ જિલ્લામાં નવા ચૂંટાયેલા સરપંચોને સન્માનિત કર્યા હતા.

શ્રી પાટીલએ જણાવ્યું હતું કે , જે કામ માટે ભંડોળ મળ્યું છે એ કામ માટે જ તેનો ઉપયોગ કરવો જોઈએ. ખાસ કરીને સ્વચ્છતા માટે મળેલા ભંડોળનો ઉપયોગ માત્ર ગામના સ્વચ્છતા કામમાં જ થવો જોઈએ.

(બાઈટ -- સી.આર. પાટીલ)

દરમિયાન શ્રી પાટીલે જલાલપોર તાલુકાના સીમળ ગામમાં રેઇન વોટર હાર્વેસ્ટિંગ સ્ટ્રક્ચર પ્રકલ્પની મુલાકાત લીધી હતી.

મુલાકાત દરમિયાન તેમણે જિલ્લાના અન્ય ગામોમાં પણ આને વધુ અસરકારક રીતે અમલીકરણ કરી શકાય તે માટે વહીવટી તંત્રના અધિકારીઓને માર્ગદર્શન આપ્યું હતું.

. . . . . .

MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....

KOLAVDA AYURVEDIC HOSPITAL

ગાંધીનગર જિલ્લાની કોલવડા આયુર્વેદ હોસ્પિટલમાં ઓગસ્ટ 2017 થી અત્યાર સુધીમાં 5 હજારથી વધુ લોકો મેદસ્વિતા મુક્ત થયા.

હોસ્પિટલના વૈદ્ય દક્ષેન ડી. ત્રિવેદીએ વધુ માહિતી આપતાં જણાવ્યું કે , જેઓ ઓબેસીટી સ્પેશિયલ ઓ.પી.ડી અંતર્ગત અત્યાર સુધી કરેલ કામગીરી અંગે જણાવે છે કે , મેદસ્વિતા મુક્ત અભિયાન પછી દર મહિને આશરે 100 જેટલા દર્દીઓ સ્પેશિયલ ઓબેસીટી ઓ.પી.ડી.મા સારવાર માટે આવી રહ્યા છે .અત્યાર સુધીમાં દસ દિવસથી એક મહિના સુધીમાં ઓછામાં ઓછું ૯ કિલો થી માંડીને ૨૫ કિલો સુધીનુ વજન ઉતરવાની સફળતા મળેલી છે

પંચકર્મ ટ્રીટમેન્ટ સિવાય ઓ.પી.ડી. લેવલે આયુર્વેદ દવાઓ , ડાયટ પ્લાન તથા એક્સરસાઇઝ પ્લાન પેશન્ટને આપવામાં આવે છે.

. . . . . .

TAPI KUNVARJI HALPATI

તાપી જિલ્લાના વ્યારા ખાતે જિલ્લાના આદિવાસી વિદ્યાર્થીઓમાં સિકલસેલ રોગ અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો. આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી કુંવરજી હળપતિની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાયા હતા. કાર્યક્રમ બાદ શ્રી હળપતિએ પ્રતિક્રિયા આપતા આ મુજબ જણાવ્યું.

(બાઈટ: કુંવરજી હળપતિ - આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી)

. . . . . .

NHAI-VISIT

વરસાદને કારણે નુકસાનગ્રસ્ત ભારતમાલા ધોરીમાર્ગ મામલે ભારતીય રાષ્ટ્રીય ધોરીમાર્ગ સત્તામંડળ NHAIના સભ્ય વેંકટરમને પાટણ જિલ્લાના સાંતલપુરમાં સ્થળ નિરીક્ષણ કર્યું. શ્રી વેંકટરમને બકુત્રા નજીક ટોલ ટેકસ પાસે રોડનું નિરીક્ષણ કરી નમૂના લીધા. તેમણે કહ્યું નમૂનાની ગુણવત્તામાં ક્ષતિ માલુમ પડશે તો કાયદેસરની કાર્યવાહી કરાશે.

(બાઈટ: વેંકટરમન - NHAI સભ્ય)

. . . . . .

RAIN – OVERALL

રાજ્યના 104 તાલુકામાં આજે વરસાદ નોંધાયો છે. જેમાં બનાસકાંઠાના દાંતામાં ત્રણ ઇંચથી વધુ વરસાદ પડ્યો છે. જ્યારે વલસાડ જિલ્લાના ધરમપુર અને ભાવનગરમાં દોઢ ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે. પાટણના સિદ્ધપુર , વલસાડ જિલ્લાના કપરાડામાં સહિત સાત તાલુકામાં એક ઇંચથી વધુ વરસાદ વરસ્યો છે. બોટાદ જિલ્લાના બરવાળામાં પણ એક ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે. રાજ્યમાં અત્યાર સુધીમાં મોસમનો 49 ટકાથી વધુ વરસાદ નોંધાઈ ચૂક્યો છે. જળાશયોની સ્થિતિની વાત કરવામાં આવે તો રાજ્યના 40 જળાશય હાઇએલર્ટ પર છે જ્યારે 23 જળાશય એલર્ટ પર છે. ભારે વરસાદને કારણે રાજ્યમાં 42 જેટલા માર્ગ બંધ કરવામાં આવ્યા છે.

બોટાદ જીલ્લાના બરવાળા તાલુકાના , ચોકડી, નભાઈ, રોજીદ, ભીમનાથ, પોલારપુર, રાણપરી, ચોકડી, કુંડળ, કાપડીયાળી, ખમીદાણા સહિતના પંથકમાં ગાજવીજ સાથે વરસાદની શરૂઆત થઈ હતી.

. . . . . .

WEATHER FORECAST

આવતીકાલે ઉત્તર મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આવતીકાલે સાબરકાંઠા , અરવલ્લી અને મહીસાગરમાં ભારેથી અતિ ભારે વરસાદને લઈને ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે જ્યારે બનાસકાંઠા, મહેસાણા, પંચમહાલ, દાહોદ, અમરેલી, ભાવનગર, નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગરહવેલીમાં પણ ભારે વરસાદની શક્યતા હોવાનું હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ જણાવ્યું હતું.

(બાઈટ: પ્રદીપ શર્મા – વૈજ્ઞાનિક)

. . . . . .